

વરસાદને કારણે ફેક્ટરી બંધ રહી એટલે મજુરોએ ધાડ પાડી..!

ગાંધીનગર સમાચાર

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે કેસરી ઘટાના હિંડોળા યોજાશે.

● મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા કર્મયોગી દિવસનો કાર્યક્રમ સવારે ૧૧.૦૦ કલાકે યોજાશે.

● આજે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે સે-૧૨માં મેડીકલ કોલેજના હોલમાં મહિલા શકિત એવોર્ડ વિતરણ સમારંભ યોજાશે.

# ખાદી ભવન સામે મહેસાણા-બાપુનગર બસ ખોટકાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના ઘ રોડ પર જે મહેસાણા-બાપુનગર બસ ટેકનીકલ ક્ષતિના કારણે ખોટકાઈ જતાં ૩૫ મુસાફરો અટવાઈ જવા પામ્યા હતા. સે-૧૬માં ખાદી ભવન પાસે અટકી પડેલી આ બસના મુસાફરોને અન્ય બસનો સહારો લેવો પડયો હતો.

બપોરે ૩.૩૦ વાગ્યાના સુમારે કલચ-પ્લેટ અને ગીયર બોકસમાં સર્જાયેલ ક્ષતિના કારણે મહેસાણા-બાપુનગર બસ બાપુનગર તરફ જઈ રહી હતી ત્યારે ખોટકાઈ હતી. અગાઉ વહેલી સવારે આ બસ બાપુનગરથી મહેસાણા ગઈ ત્યારે પણ મહેસાણા નજીક ૧૧.૩૦ વાગે ખોટકાઈ હતી અને તે વખતે મહેસાણા ડેપો લઈ જઈ તેનું સમારકામ કરાવાયું હતું. બસમાં યાંત્રિક ખામી હોવા છતાં લગભગ ૯૦ ગામડાની મુસાફરી કરી બસ ફરી મહેસાણાથી બાપુનગર જવા મોકલવામાં આવી હતી. અંતે સે-૧૬ના ખાદીભવન સામે ઘ રોડ પર ફરી ખોટકાતા મુસાફરો અટવાઈ પડયા હતા. આમ એસટી તંત્રની બેદરકારીના કારણે ક્ષતિગ્રસ્ત બસના કારણે અનેક મુસાફરોના અગત્યના કાર્યો અટકાતા મુશ્કેલીમાં મુકાવાની સ્થિતિ પેદા થઈ હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

**સવારે મહેસાણા જતી વખતે ક્ષતિગ્રસ્ત થયેલી બસ ફરીવાર બાપુનગર તરફ મોકલાઈ : ગાંધીનગર સુધી પહોંચીને ફરી ખોટકાતા મુસાફરો અટવાઈ પડયાં**



# ધણપ ગામના તળાવમાં ડુબી જતાં પ્રૌઢનું મૃત્યુ

**કુદરતી હાજતે ગયેલા પ્રૌઢનો રાત્રે પગ લપસ્યો ને તળાવમાં ડુબી ગયા : ફાયરબ્રિગેડે સવારે મૃતદેહ બહાર કાઢયો**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક ચિલોડા-પ્રાંતિજ હાઈવે પર સ્થિત ધણપ ગામમાં રહેતા પ્રૌઢ ગઈ રાત્રે તળાવ કિનારે કુદરતી હાજતે જવા નીકળ્યા હતાં. પગ લપસી જતાં તળાવમાં ડુબી જવાથી પ્રૌઢનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ફાયરબ્રિગેડની ટીમે આજે સવારે પ્રૌઢનો મૃતદેહ બહાર કાઢી પરિવારજનોને સોંપ્યો હતો. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ધણપ ગામનાં ૫૦ વર્ષીય અમરતભાઈ શંકરભાઈ રાવળ ગઈ રાત્રે સાડા દશ વાગ્યાના અરસામાં તળાવ કાંઠે કુદરતી હાજતે જવા નીકળ્યા હતાં. તળાવ પાસે પગ લપસી જતાં અમરતભાઈ તળાવના પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. રાત્રી દરમિયાન તળાવમાં શોધખોળ કરી પરંતુ મળી આવ્યા ન હતાં. દરમિયાન આજે સવારે ફાયરબ્રિગેડની ટીમે તળાવમાંથી મૃતદેહ બહાર કાઢયો હતો. ચિલોડા પોલીસ મથકનાં જમાદાર હિરાજીએ અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પરીવારજનોને સોંપી દીધો છે અને ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

# રેલવે ટ્રેક પાસેનાં સિગ્નલ પર લટકતો યુવાન દેખાતા ચકચાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-સરખેજ માર્ગ પર સ્થિત ખોરજ ખોડીયાર રેલવે ટ્રેક પાસેના સિગ્નલનાં થાંભલે શર્ટ બાંધીને એક શ્રમિક યુવાને ગળે ફાંસો ખાઈ લીધો હતો. થાંભલે લટકેલી હાલતમાં મૃતદેહ વહેલી સવારે અવર જવર કરતા મુસાફરોને દેખાતા ચકચાર મચી જવા પામી હતી. રેલવે પોલીસને ઘટનાની જાણ થતા મૃતદેહ થાંભલેથી ઉતારીને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ કરતાં એક શ્રમિકનો મૃતદેહ હોવાનું ખુલ્યું હતું. રેલવે પોલીસે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

**ખોરજ ખોડીયાર પાસે સિગ્નલના થાંભલે શ્રમિક યુવાને પોતાનો શર્ટ બાંધી ગળે ફાંસો ખાઈ લીધો...!**

ખોરજ ખોડીયાર રેલવે ફાટક પાસેનાં સિગ્નલના થાંભલે શર્ટ બાંધીને ગળે ફાંસો ખાધેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળતા રેલવે પોલીસ મથકના જમાદાર જસવંતસિંહ તેમની ટીમ સાથે બનાવસ્થળે પહોંચી ગયા હતા. મૃતકના ખિસ્સામાંથી મળેલી મોઈબલ નંબરની ચિઠ્ઠીને આધારે તપાસ કરતાં મુળ ઝારખંડનો અને હાલ દહેજ ખાતે મજુરી કામ કરતો ૨૨ વર્ષીય શુકલદેવ બ્રહ્મદેવ પુરાવ હોવાનું બહાર આવ્યું છે. શુકલદેવ તેના ભાઈ કે જે અદાણી શાંતિગ્રામ ખાતે નોકરી કરે છે તેને મળવા ગઈ કાલે આવ્યો હતો ત્યાર બાદ પરત દહેજ જવા નીકળ્યો હોવાનું બહાર આવ્યુ છે. દરમિયાન વહેલી સવારે તેનો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. પોલીસે મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# સે-૧૭ના સરકારી પુસ્તકાલયમાં જુના સામયિકોનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સે-૧૭ સ્થિત સરકારી પુસ્તકાલય ખાતે જુના સામયિકોનું વેચાણ શનિવારે યોજવામાં આવ્યું હતું. આ વેચાણમાં આશરે ૪૦૦થી વધુ વાંચન રસિકોએ ભાગ લીધો હતો અને ૮૭૦ સામયિકોની ખરીદી કરી હતી. પુસ્તકાલયને આ સામયિકોના વેચાણ થકી આશરે રૂ. ૪૦૦૦નું ફંડ એકઠું થવા પામ્યું હતું. અત્રે



ઉલ્લેખનીય છે કે લગભગ દર ચારથી પાંચ મહિને લાયબ્રેરીમાં આ પ્રકારના વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. લાયબ્રેરીમાં દર સપ્તાહે, પખવાડીયે અને મહિને આવતા વિવિધ વિષયો અને ક્ષેત્રના તમામ પ્રકારના સામયિકો આવે છે જે જુના થતા તેનું વિતરણ કરી નિકાલ કરવાની સાથે વાચકોને રસ હોય તેવા ઉપયોગી સામયિકો ખરીદી તેનો લાભ લઈ શકે છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના ખ-૩ સર્કલ પાસે ગઈ કાલે રાત્રે ફિલ્મી ઢબની મારામારીના દશ્યો જોવા મળ્યાં હતાં. નગરની આસપાસના વિસ્તારમાં આસાનીથી મળતા દારૂના કારણે આ પ્રકારના બનાવો વધી ગયા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

● હજુ શ્રાવણ મહિનાનો પ્રારંભ થયો નથી પરંતુ નગરના સાતમ-આઠમના 'શોખીનો' અત્યારથી આબુ, ઉદયપુર, કુંભલગઢ, દીવ-દમણ વગેરે જગ્યાએ હોટલ બુકીંગ કરાવવા માંડયા છે.

● મંગળવારે યોજાનાર મહિલા શકિત એવોર્ડ વિતરણ સમારંભમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ૧૧ કિલો મગ અને શીંગદાણા અર્પણ કરી મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું સ્વાગત કરવામાં આવશે.

● આજે નગરમાં કોર્ટ સંકુલમાં બનેલી ઘટનાઓ ટોક ઓફ ધ ટાઉન બની હતી. કોર્ટ સંકુલમાં થયેલી આત્મહત્યાથી વકીલો કામગીરીથી અળગા રહ્યા હતા તેમજ વીએચપી, બજરંગદળ વગેરેની રેલીના કારણે સંકુલ વ્યસ્ત રહ્યું હતું.

● આજે ચ રોડ પર કૃષિભવન સામે સાંજના સુમારે ફરી એકવાર બે કારની ટકકર સર્જાઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈને ઈજા થવા નહોતી પામી.

● આજે સે-૨૩ની અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા અને યુથ રેડક્રોસ અંગે જાગૃતિ સેમિનાર યોજાશે.

- સમીર રામી
9924446645

## બીબીએ કોલેજ દ્વારા 'વુમન એમ્પાવરમેન્ટ' પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા તા. ૮-૮-૨૦૧૫ શન્વિારનાં રોજ કોલેજમાં અભ્યાસ કરતી ૧૪૦ વિદ્યાર્થીનીઓ માટે સ્ત્રીઓને લગતા કાયદાઓનાં પ્રચાર-પ્રસાર માટે સવારે ૧૧.૦૦થી બપોરે ૧૨.૩૦ દરમિયાન 'લઘુ-નાટક' રજુ કરવામાં આવ્યું હતું. આ લઘુ નાટક દ્વારા વિદ્યાર્થીઓમાં મહિલાને લગતા કાયદાઓ જેવા કે બેટી પઢાવો, પુરુષ પ્રધાન માનસિકતા સામે બહાદુરીથી વર્તવું, હેરાનગતિની સામે લડત કેવી રીતે આપી શકાય, વગેરે રજુ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પ્રો. માર્ગી દેસાઈ દ્વારા સંસ્થાના વડા ડૉ. રમાકાન્ત પુષ્ટીનાં નેતૃત્વ હેઠળ ખુબ જ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# વરસાદને કારણે ફેક્ટરી બંધ રહી એટલે મજુરોએ ધાડ પાડી..!

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લાના કલોલ તાલુકામાં સ્થિત તેરસાપરા ચોકડીથી ઓળા ગામ તરફ જતા માર્ગ પર એક ખેતરમાં પરિવારજનોને મારીઝુડીને ધાડપાડુ ટોળકી રૂ. ૨૦ હજાર લઈ ભાગી ગઈ હતી. આ ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. તાજેતરમાં પડેલા વરસાદ દરમ્યાન મજુરો જ્યાં કામ કરતાં હતા તે ફેક્ટરી બંધ રહેતા ખાવાના ફાંફાં પડી ગયા હતા. જેને પગલે મજુરોની પાંચ શખ્સોની ગેંગે લુંટનો પ્લાન બનાવી ધાડ પાડી હતી. એલસીબીની ટીમે એક સાગરીતની ધરપકડ કરી લઈને ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

તેરસાપરાથી ઓળા ગામ તરફ જતાં માર્ગ પર આવેલા ખેતરમાં ઘર બનાવીને રહેતા કાંતીજી મફાજી ઠાકોર તથા તેમના પરિવારને ૨૭ જુલાઈએ રાત્રીના એક વાગ્યાના અરસામાં લાકડા અને ધોકાથી માર મારીને એક ટોળકી રૂ. ૨૦ હજાર રોકડા તથા મોબાઈલની લુંટ કરી ભાગી ગઈ હતી. ગાંધીનગર એલસીબી



કલોલ તાલુકાના તેરસાપરા પાસે ખેતરમાં ધાડ પાડનાર ગેંગનો સાગરીત એલસીબીના સકંજામાં

પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે આ ધાડપાડુ ગેંગના મુળ મધ્યપ્રદેશ અને હાલ જેતપુર રોજકાટના સાગરીત રાલુ ઈન્દરસિંગ મોહનીયાને ઝડપી પાડ્યો છે. સઘન પુછતાછમાં તેણે કબુલાત કરી છે કે તેણે તેના અન્ય ચાર સાગરીતો સાથે મળીને લુંટ કરી હતી. આ ટોળકીના તમામ સાગરીતો જેતપુરની કાપડને કલર કરવાની ફેક્ટરીમાં મજુરી કરે છે પરંતુ ફેક્ટરીમાં વરસાદને કારણે કામ બંધ થઈ જતાં લુંટ કરવાનો પ્લાન બનાવ્યો હતો. છ-સાત મહિના પહેલા તેરસાપરા ચોકડી પાસે ગરનાળાનું ચણતર કામ કરવા આવેલા આ મજુરોએ કલોલ પસંદ કર્યુ અને આ સ્થળે પહોંચી રાત્રે ખેતરમાં સંતાઈ રહ્યા અને મોકો મળતા જ કાંતીજી ઠાકોરને ત્યાં ધાડ પાડી રૂ. ૨૦ હજાર તથા મોબાઈલ લુંટીને ફરાર થઈ ગયા હતા. એલસીબીની ટીમે લુંટમાં ગયેલો મોબાઈલ પણ જપ્ત કરી લીધો છે. અન્ય આરોપીઓની શોધખોળ ચાલી રહી છે.

## ઓબીસી અનામતમાં ભાગ બટાઈ અમે સાંખી નહી લઈએ : પ્રજાપતિ સમાજ

ગાંધીનગર, તા.૧૦

છેલ્લા કેટલાક દિવસોથી અનામત નામનું મોજુ સમાજમાં ફરી વળ્યું છે. અનામતની માંગણી સમાજના સક્ષમ અને આર્થિક રીતે સધ્ધર વર્ગો તરફથી અનામતની માંગણી કરતા આંદોલનો વેગ પકડતા જાય છે. એક પછી એક જ્ઞાતિના લોકોને અનામતની માંગ માટે પોતાની આગવી રેલીઓ યોજી અનામતની માંગણી સરકાર પાસે કરતા જોઈ ઓબીસી વર્ગ પણ સજાગ બનેલ છે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજના પ્રમુખ અલ્પેશકુમારના જણાવ્યા અનુસાર અમારો સમાજ કોઈ પણ જ્ઞાતિનો વિરોધી નથી પણ રાજકીય રમત રમી ઓબીસીમાં ભાગ પડાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. આ રમતના ભાગરૂપે ઓબીસી અનામતમાં કોઈ પણ પ્રકારના ફેરફાર થશે અથવા અમારી જ્ઞાતિઓને મળતા લાભોમાં ભાગ બટાઈ થશે કે અમારા હિતોને નુકશાન પહોંચશે તો અમે સાંખી નહીં લઈએ. જો ઓબીસી વર્ગ સાથે અન્યાય કરાશે તો પ્રજાપતિ સમાજ ચુપ નહિ રહે.

આ બાબતે અલ્પેશ પ્રજાપતિએ ગાંધીનગર ખાતે ઓબીસીની તમામ જ્ઞાતિઓનું વિશાળ સંમેલન બોલાવી અન્યાય સામે પ્રતિકાર કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# ફિકસ-પે દૂર કરવા ગુજરાત જન અધિકાર અભિયાને મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૧૦

સરકારી નોકરીમાં ફીકસ પે દુર કરવા, કોન્ટ્રાકટ પર કામ કરતા કર્મીઓને કાયમી કરવા યોગ્ય ભરતીઓ કરવા બાબતેની માંગ સાથેનું આવેદનપત્ર ગુજરાત જન અધિકાર અભિયાનના યુવાન આગેવાન પ્રવિણ રામે મુખ્યમંત્રી આનંદીબેન પટેલને આપ્યું હતું.

ગુજરાત જેવા વિકસીત રાજયમાં તમામ વિભાગમાં સરકારી કર્મચારીઓને ફિકસ વેતન આપી તેમજ કોન્ટ્રાકટના ધોરણે ભરતી કરી તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે મોંઘવારીમાં તેમના પરિવારનું ગુજરાન ચલાવવું અતિ મુશ્કેલ બની રહ્યું છે. તેમજ તમામ વિભાગમાં પડેલી ખાલી જગ્યાઓને કારણે તમામ સરકારી કર્મચારીઓની કાર્ય ક્ષમતામાં ઘટાડો થયો છે. જેના કારણે અંતે તો પ્રજાને જ ભોગવવું પડે છે ત્યારે ગુજરાતની પ્રજા અને સરકારી કર્મચારીઓના હિતને ધ્યાનમાં લઈ પ્રવિણ રામે ગુજરાત જન અધિકાર અભિયાનની શરૂઆત કરી છે અને આ તમામ મુદ્દાઓ સાથેનું મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સરકાર આ મામલે વિચારણા નહીં કરે તો આગામી દિવસોમાં ગુજરાતના તમામ જિલ્લાઓ ગુજરાત જન અધિકાર અભિયાન રેલીઓ સાથે આંદોલનો દોર શરૂ કરશે તેમ પણ પ્રવિણ રામે જણાવ્યું હતું.



ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગના લાયબ્રેરીયન અંજના બારોટ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના લાયબ્રેરિયન ડૉ. કિરીટ શુકલ દ્વારા સંયુકત રીતે તૈયાર કરાયેલ સંશોધન પત્ર ગઈ કાલે ભાવનગર ખાતે યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદમાં પ્રસ્તુત કરાયું હતું. ભાવનગર ખાતે બે દિવસ માટે 'ઈમરજીંગ ટ્રેન્ડ ઓફ લાયબ્રેરીઝ : મેકિંગ એ ડિફરન્સ ઈન નોલેજ એરા' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ હતી. જેમાં અંજના બારોટે આ પેપર પ્રસ્તુત કર્યું હતું.

# બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૯મી ઓગષ્ટે સે-૨૩ની લગ્નવાડી ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ડાન્સ, ભજન અને ગીત સહિત વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરાઈ હતી. મ્યુઝિકલ કાર્યક્રમમાં કોરિયોગ્રાફી દેવાંગી મહેતાએ કરી હતી. હાર્દિક દવે અને જય દવેએ દવે સાઉન્ડ સિસ્ટમ દ્વારા સેવા આપી હતી. આ કાર્યક્રમમાં સેકટરના શાખાના પરિવારોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

કાર્યક્રમમાં મહેમાનપદે બ્રહ્મ સમાજ ગાંધીનગરના મહામંત્રી નરેશભાઈ દવે, યુવા પાંખના પ્રમુખ જીગરભાઈ ત્રિવેદી, શાખાના સ્થાપક પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, શ્રીમતી રેખાબેન નૈમેષભાઈ દવે, દિનેશભાઈ પંડયા, જગદીશભાઈ જોષી, ભરતભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા તેમજ કાર્યક્રમનું સંચાલન જયશ્રીબેન ખેતિયા અને નરેન્દ્ર વ્યાસે કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા શાખાના પ્રમુખ મુકેશ શુકલ મંત્રી પ્રદિપભાઈ દવે, મયંકભાઈ ભટ્ટ, પરેશભાઈ દવે, અતુલભાઈ ત્રિવેદી, પુનમભાઈ ભટ્ટ, અશોકભાઈ પંડયા, કેવલરામ જોષી, નરેન્દ્રભાઈ મહેતા, દિલીપભાઈ જાની, ચિરાગ ત્રિવેદી, તપનભાઈ ત્રિવેદી, ચિંતન ભટ્ટ, પ્રશાંત જોષી, સુમીત વ્યાસ, ભાર્ગવ શુકલ, પ્રશાંત ઠાકર, આનંદ જોષી, અર્જુન પંડયા કાર્યક્રમ દરમિયાન હાજર રહ્યા હતાં.

## ગાંધીનગરની બીબીએ કોલેજ દ્વારા ટી.સી.એસ. ટ્રેનિંગનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.) દ્વારા સેમેસ્ટર-૫માં અભ્યાસ કરતા ૮૪ વિદ્યાર્થીઓ માટે ૩૦ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. બી.બી.એ.ના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓમાં કોર્પોરેટ કલ્ચર ઉભું કરી તેઓને રોજગારીની તકો ઉપલબ્ધ થાય તે હેતુથી આ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ટ્રેનિંગની સાથે સાથે બીબીએની ડીગ્રી પ્રાપ્ત કરી ચુકેલા ૩૦ ચુનંદા વિદ્યાર્થીઓ માટે પણ 'એમ્પ્લોયીબીલીટી ફોર બીબીએ એલ્યુમની' કાર્યક્રમ અંતર્ગત આ ટ્રેનિંગનું ખાસ તેમજ અલાયદુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એપ્ટીટયુડ સ્કીલ, કોમ્યુનીકેશન સ્કીલ, ઈન્ટરવ્યુની તૈયારી વગેરે વિષયો આવરી લેવામાં આવ્યા છે. આ ટ્રેનિંગની નિયત મુદત પુરી થયા બાદ ટીસીએસ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ પણ ગોઠવવામાં આવશે.

આ ટ્રેનિંગના આયોજન તેમજ સંચાલનમાં સંસ્થાના વડા ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં વડપણ હઠળ ડૉ.જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ તેમજ પ્રો. આશીષ ભૂવા જહેમત ઉઠાવી રહ્યા છે.

# હરિયાળા પાટનગરનું દેશના ટોપ-૨૦ કેપિટલ સીટીમાં કોઈ નામોનિશાન ન રહેતા ભારે પ્રત્યાઘાતો

ગાંધીનગર, તા.૧૦

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય અને સ્વચ્છત ભારત અભિયાન દ્વારા તૈયાર કરાયેલો એક રિપોર્ટ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો છે. જેમાં હરીયાળા પાટનગરની ખ્યાતિ નામશેષ થઈ ગઈ છે. દેશના ટોપ-૨૦ કેપિટલ સીટીમાં ગાંધીનગરનું કોઈ નામોનિશાન ન રહેતાં નગરજનોમાં ભારે પ્રત્યાઘાતો પડયા છે. વધુમાં સ્વચ્છતામાં પણ છેલ્લે પાટલે બેસવાનો વારો આવતાં તંત્રની કામગીરી ઉપર સવાલ ઉભા થયા છે. જો કે નગરજનોએ હાલની મ્યુનિસિપલ કોર્પોરેશન કરતાં નગર સરકાર હસ્તક દરેક ક્ષેત્રે સારૂ હોવાની ચર્ચા શરુ કરી છે. તંત્રના સ્વચ્છ નગર અને હરીયાળા પાટનગરના બિરૂદને અકબંધ રાખવાના પ્રયાસોને કેન્દ્ર સરકારના આ રીપોર્ટથી ધક્કો પહોંચ્યો છે.

દેશમાં આતંકવાદ, બળાત્કાર, લુંટ, અકસ્માતો અને અપહરણો જેવી ઘટનાઓથી વ્યથિત નાગરિકોએ અંગ્રેજ શાસનને સારું ગણ્યું છે. એવી જ રીતે રાજટના પાટનગરનું સ્વચ્છ ભારત રેન્કિંગમાં નામો નિશાન ન રહેતા સરકાર હસ્તકનું ગાંધીનગર શ્રેષ્ઠ હતું તેવી ચર્ચાઓ થવા લાગી છે.

**સ્વચ્છતામાં પણ ૩૧૦મો રેન્ક, સરકાર હસ્તકનું નગર સારૂ હોવાની થઈ રહેલી નગરજનોમાં ચર્ચા**

નિયમિત સાફ સફાઈ, માર્ગો અને સેકટરોની રચના અને તેની જાળવણી અને વિકાસ જેવા મુદ્દાઓને ધ્યાને લઈ તંત્ર દ્વારા પગલા લેવાય છે પરંતુ દેશના અન્ય નગરો કરતાં આ કામગીરી નબળી થઈ રહી હોવાનું બહાર આવેલા રીપોર્ટ ઉપરથી લાગી રહ્યું છે. સોલિડ વેસ્ટ કચરાના નિકાલ અને જાહેરમાં શૌચક્રિયા વગેરેમાં દેશના અન્ય શહેરોથી ગાંધીનગર પાછળ હોવાનું રિપોર્ટમાં જાહેર થયું છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન પાછળ ગુજરાત સરકારે બજેટમાં રૂ. ૧૯૦૦ કરોડની જોગવાઈ કરી છે. તાજેતરમાં વાઈબ્રન્ટ સમિટ વખતે નંદનવન બનેલું પાટનગર નગરનજનોના હૈયે વસી ગયું હતું. વધુમાં પાલિકા દ્વારા પણ નિયમિત કચરો ઉપાડવા તથા માર્ગોની તથા આજુબાજુની સફાઈ કરવા ઉપર પુરતું ધ્યાન અપાય છે છતાં પણ પાટનગર કેમ હાંસિયામાં ધકેલાઈ ગયું તે પણ સવાલો ઉભા થયા છે. નગરજનોમાં ભારત સરકારના આ રિપોર્ટની ભારે અવળી છાપ ઉભી થઈ છે. વૃક્ષારોપણથી નગરને હરીયાળુ બનાવવાના પ્રયાસો ફકત વૃક્ષારોપણ પૂરતા મર્યાદિત બન્યા હોય તેમ પધ્ધતિસરનું વૃક્ષારોપણ થતું નથી જેના ફળ સ્વરૂપ તાજેતરમાં તોફાની પવનો સાથેના વરસાદમાં અસંખ્ય વૃક્ષો ધરાશાયી થઈ નગરને કદરૂપુ બનાવી દીધું છે. જેથી તંત્ર પધ્ધિસરની કામગીરી અપનાવી પાટનગરને દેશમાં સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરે તે નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રભાઈ વાલજીભાઈ રૂપાલા, ઉ.વ.૪૫, મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. સુથાર કાન્તાબેન કચરાલાલ, ઉ.વ. ૮૦, મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. પટેલ અંબાલાલ કચરાદાસ, ઉ.વ. ૬૫, મુ. પેથાપુર, તા. જી. ગાંધીનગર.
- સ્વ. સવિતાબેન રાજુભાઈ રાવળ, ઉ.વ. ૪૦, સે-૩૦, મુકિતધામ પાછળ, છાપરાં, ગાંધીનગર.
- સ્વ. ચિરાગભાઈ અશોકભાઈ દુમાતર, ઉ.વ.૨૩, સે-૨૨, સરકારી દવાખાના પાછળ-છાપરાં, ગાંધીનગર.
- સ્વ. શાંતાબા પથુભા ચુડાસમા, ઉ.વ. ૯૫, સે-૮, પ્લોટ નં. ૫૮૧/એ-૨, ગાંધીનગર.